# Kids કોર્નર

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશ્યલી તમારા માટે છે. If you have your poem, your story or a game for print અથવા તમે કોઈ એવી સિધ્ધિ મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત With photograph and biodata અહીં મોકલી આપો. આ ખૂણો બિલકુલ તમારો છે. બીજા kidsને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail ઍડ્રેસ પર સેન્ડ (send) કરો.
e-mail : kidscorner@gujaratmitra.in



# દગો એક વાર

વારતા રે વારતા

એક જંગલમાં શિયાળ રહેતું હતું. શિયાળ શરીરે નાનું. નાના નાના શિકાર કરે, તેનાથી એનું પેટ ન ભરાતું. વળી જંગલી મોટાં પ્રાણીઓનો પણ ડર રાખવો પડતો.

એક વાર એ ગામમાં ઘૂસ્યું. એને થયું, અહીંથી કંઈક ખાવાનું મળી રહે. પણ એને કૂતરાનો ખ્યાલ ન આવ્યો. કારણ કે એ પહેલી વાર ગામમાં પગ મૂકતો હતો.

શિયાળ ગામમાં ઘૂસ્યું એટલે કૂતરાં ભસવા માંડ્યાં. શિયાળ ગભરાયું. આ ગલીમાં દોડે તો કૂતરાં... પેલી ગલીમાં દોડે તો કૂતરાં... સામું દોડે તો કૂતરાં... પાછું વળે તો કૂતરાં... ડાબે જાય તો કૂતરાં... જમણે જાય તો કૂતરાં... ચારે બાજુ ભસાભસ થઈ રહી. શિયાળ બેબાકળું બની ગયું અને એક વરંડામાં ઘૂસી ગયું. ત્યાં એક કૂંડી ભરેલી હતી તેમાં સંતાવા ગયું. તેમાં પાણી હતું એટલે છપાક દઈને અંદર પડ્યું.

કૂતરાં ભસી ભસીને કંટાળ્યાં. અને ચાલ્યા ગયાં. એકદમ શાંતિ પથરાઈ ગઈ એટલે શિયાળ કૂંડીમાંથી બહાર નીકળ્યું અને જંગલ તરફ દોટ મૂકી. રાત પૂરી થઈ... સૂર્ય ઊગ્યો... સવાર પડી એટલે આખું જંગલ રળિયામણું દેખાવા લાગ્યું. પરંતુ આ શું ?

બધાં પ્રાણીઓ શિયાળને જોઈને ભાગવા લાગ્યાં. શિયાળને નવાઈ લાગી. મને જોઈને બધા ભાગે છે કેમ ? હું કંઈ સિંહ-વાઘ થોડો છું ? અચાનક એની નજર પોતાના શરીર પર ગઈ તો આખું શરીર ભૂરું... પગ ભૂરાં, પેટ ભૂરું, પૂંછડી એ ભૂરી.

હવે તેને ખ્યાલ આવ્યો કે, રાત્રે એ જે કૂંડીમાં પડેલો તેમાં ભૂરા રંગનું પાણી હશે. અને એમ જ બનેલું.

શિયાળ ઘૂસેલું તે ઘર રંગારાનું હતું. તેણે કૂંડીમાં ભૂરો રંગ તૈયાર કરી રાખેલો. તેમાં શિયાળ પડ્યું અને ભૂરું બની ગયું.

શિયાળ તળાવે ગયું અને પાણીથી રંગ કાઢવા કોશિશ કરી પણ રંગ ન નીકળ્યો. અચાનક શિયાળનાં મગજમાં એક યુક્તિ સૂઝી આવી. તે તો આનંદથી નાચવા લાગ્યું. પછી ઠાવકું બનીને જંગલમાં ફરવા લાગ્યું. તેને જોતાં જ હરણ, સસલાં, વરુ, રીંછ બધાં ભગવા માંડ્યાં. ત્યાં શિયાળે જરા ભારે અવાજ બનાવીને કહ્યું : 'ભાઈઓ ! ભાગો નહિ. ભાગો નહિ. હું તો દેવદૂત છું. શંકર દેવે મને મોકલ્યો છે. આ જંગલ પર રાજ કરવા માટે. મેં તેમની બહુ પૂજા કરી એટલે પ્રસન્ન થઈને તેમણે મને આ વરદાન આપ્યું છે. હવેથી હું આ જંગલનો રાજા છું. હું તમારી રક્ષા કરીશ. તમે ખાધેપીધે સુખી રહો તે જોવાની મારી જવાબદારી રહેશે.'

ધીરે ધીરે આ વાત જંગલમાં ફેલાઈ. બધાં ભૂરાં શિયાળ પાસે આવવા લાગ્યાં. અને એને પગે લાગવા માંડ્યાં. ગમે તેમ તોયે એ દેવદૂત હતો.

પછી તો પ્રાણીઓએ એને સિંહાસન પર બેસાડી રીતસરનો રાજા બનાવ્યો. અને એને નમસ્કાર કરી કોઈ ને કોઈ વસ્તુ ભેટ આપવા લાગ્યાં. શિયાળના તો રુઆબનો પાર નથી. આનંદનો પાર નથી. તેને થયું, તે સાચોસાચ દેવદૂત છે. ભગવાને મોકલેલો આ જંગલનો રાજા છે. તેણે સિંહને મંત્રી બનાવ્યો. વાઘને સેનાપતિપદ આપ્યું. હાથીઓને પાણી લાવવાનું કામ સોંપી દીધું. રીંછોને મધ લાવવાનું કામ સોંપ્યું. મોરને પંખો નાખવાનું કામ સોંપ્યું. બુલબુલને રાજગવૈયો બનાવ્યો. કબૂતરને સંદેશવાહક બનાવ્યાં. સસલાંને સેવક બનાવ્યાં. ચિત્તા-દીપડાને દ્વારપાળ બનાવ્યા. પણ બધા શિયાળોને જંગલમાંથી તગેડી મૂક્યાં. જંગલમાં એકે શિયાળ ન રહ્યું.

ભૂરું શિયાળ તો જંગલમાં રાજ કરવા લાગ્યું. અને એશઆરામથી સમય વિતાવવા લાગ્યો ખાઈ ખાઈને તે તગડું બની ગયું.

એક વાર એક શિયાળ ભૂલથી એ જંગલમાં ઘૂસી આવ્યું. ખાઈ પીને તે મોટે સાદે ગાવા લાગ્યું. તેની લારી સાંભળી જંગલનો રાજા બનેલ શિયાળ પણ ગાવા લાગ્યું. તે ભૂલી ગયું કે, પોતે જંગલનો રાજા છે. રાજાને શિયાળની જેમ ગાતું સાંભળી બધાં પ્રાણીઓ ચમક્યાં. તેમને થયું, 'અરે ! આ તો શિયાળ છે ! તેણે તો આપણને બધાંને મૂરખ બનાવ્યાં.' વધારે ખરાબ તો સિંહને લાગ્યું. સિંહ ખૂબ જ ગુસ્સે થઈ ગયો. શિયાળ સમજી ગયું કે, ભૂલમાં પોતે જ પોતાનો ભાંડો ફોડી નાખ્યો છે. હવે એની ખેર નથી રહેવાની. એ તો ભાગ્યું ઊભી પૂંછડીએ. પણ સિંહ કંઈ ભાગવા દે ! એક જ તરાપ મારી કે શિયાળનું પેટ ફાટી ગયું. સિંહે ગુસ્સામાં ગર્જના પર ગર્જના કરી જંગલને ગજાવી નાખ્યું.

'હે કુમારો ! દગો ક્યારેક જીવનું જોખમ બની જાય છે માટે દગો કરવો નહિ.'

# એક એવુ શહેર જ્યાં 12 વાગતા જ નથી

અજબ ગજબ ■ ઈશાની

સમય બડા બલવાન હૈ સમય-સમયની વાત છે.., સમય કોઇની રાહ જોતો... સમય ઉપર ગણવા બેસીએ તો આવી 100થી વધુ કહેવતો તો તુરંત મળી જાય... માણસનું જીવન સમય સાથે ચાલે છે તો કેટલાકનું જીવન ઘડિયાળના કાંટે ચાલે છે એવું કેટલાક નિયમિત માણસો માટે પણ કહેવાય. કોઇક આપણને પૂછે કે એક દિવસનો સમય કેટલા કલાકનો હોય છે તો આપણે તુરંત કહી દઇએ કે 24 કલાકનો પણ સ્વિટ્ઝરલેન્ડનો સોલોથર્ન સીટીના લોકો એ જવાબ ખોટો માનસે કારણ કે તેની ગણત્રી મુજબ એક દિવસનો સમય 24 કલાકનો જ હોય છે. બહુ નવાઇ લાગે તેવી વાત છે. પણ અહીંની ઘડિયાળમાં એક કલાકની મિનિટ 65.21ની હોય છે. ખરેખર વિચિત્ર વિચિત્ર વાત છે પણ દુનિયાનું એકમાત્ર આ શહેર એવું છે જ્યાંની ઘડિયાળોમાં 12 વાગતા નથી 1,2,3,4, એમ 11 સુધી કાંટો ફરી સીધો જ 1 પર જાય છે. અહીંના લોકો 11ના આંકડાને ખૂબ મહત્ત્વ આપે છે. 11ના આંકડા સાથે ખૂબ લગાવ હોવાથી લોકોએ 12ના અંકની જરૂરીયાત નહીં સમજીને તેઓની ઘડિયાળમાં 12નાં આંકડાને રૂખસદ આપી દીધી છે. સ્વિટ્ઝરલેન્ડના આ સોલોથર્ન શહેરમાં 11 મ્યુઝીયમ છે. ક્લોકટાવર પણ 11 છે. પાણીના ઝરણાની સંખ્યા 11 છે. અહીંનું મુખ્ય ચર્ચ 11 વર્ષે બન્યું હતું તો ચર્ચમાં લાગેલી ઘંટ અને બારીઓની સંખ્યા પણ 11 છે. આ શહેરનો જન્મ દિવસ પણ 11 તરીખે સેલિબ્રેટ કરાય છે. છતા શહેર વિશ્વની સાથે જ ચાલે છે. અહીંના 24 કલાકને 22 કલાકમાં ડિવાઇડ કરી દેવાયું છે. અહીંના ઘરોમાં, દુકાનોમાં કચેરીઓમાં કે જાહેર સ્થળે જ્યાં જ્યાં પણ ઘડિયાળો હોય તેમાં 12નો આંકડો જ નથી એટલે કે 11 પછી સીધો 1 જ વાગે છે.




## હેપ્પી બર્થડે




નામ : વૈદિક પરમાર
માતા : ડો. હની પારેખ પરમાર



નામ : ક્રિયાન્સ ગોહિલ
માતા : હેતલ ગોહિલ

## રસ્તો શોધો




## તફાવત શોધો





## શબ્દો પૂરો




## ટપકાં જોડો



# PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

## SIGN GAME

Q1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 9 | | 8 | | 7 | | 4 | = | 61 |
| 2) | 4 | | 7 | | 6 | | 1 | = | 05 |
| 3) | 3 | | 9 | | 1 | | 2 | = | 13 |

## CHANGE THE WORD

Q2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| G | E | T |
| | | |
| | | |
| C | O | W |

## CHHOTA SUDOKU

Q3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | 2 | |
| | 8 | |
| 4 | | |

(વર્તુળો : 18, 22, 24, 28)

## BROKEN WORDS

Q4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને લશ્કરને સંબંધિત 7 શબ્દોના નામ બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| SS | CT | UN | OTS | NK |
| ORM | RI | ME | IF | WAR |
| BO | RA | UI | ORY | FLE |

| ચાવી | શબ્દો |
|---|---|
| 3 અક્ષર | 1 |
| 4 અક્ષર | 2 |
| 5 અક્ષર | 2 |
| 7 અક્ષર | 2 |

જવાબ
1. WAR
2. MESS
3 RANK
4. BOOTS
5 RIFLE
6 UNIFORM
7 VICTORY

## જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 9 | × | 8 | - | 7 | - | 4 | = | 61 |
| 2) | 4 | + | 7 | - | 6 | × | 1 | = | 05 |
| 3) | 3 | + | 9 | - | 1 | + | 2 | = | 13 |

Q2

| | | |
|---|---|---|
| G | E | T |
| G | O | T |
| C | O | T |
| C | O | W |

Q3

| | | |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 7 | 8 | 9 |
| 4 | 5 | 6 |

(વર્તુળો : 18, 22, 24, 28)